પરિપત્ર (સુધારા સાથે):

વિષય: થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવા બાબત.

સંદર્ભ: ૧) ઉચ્ચ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદના પત્ર નં. ટી.પી.પી./૨૦૨૫-૨૬/૦૫૧૫, તા.૨૧/૦૫/૨૦૨૫.
૨) અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૩૦૩/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજ્યની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સિકલ સેલ, એનિમિયા અને હિમોગ્લોબીનોપેથી પરીક્ષણ દર વર્ષે નિયમિત રીતે કરવામાં આવે છે. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વિદ્યાર્થીઓને પ્રિ-કાઉન્સેલિંગ દ્વારા થેલેસેમિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવે છે તેમજ તેઓને પરીક્ષણ બાદ પોસ્ટ કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે. ખાનગી લેબમાં થેલેસીમિયા પરીક્ષણ HPLC ટેસ્ટ નો ચાર્જ રૂ.૬૦૦/- થી રૂ.૭૦૦/- થી પણ વધુ થાય છે. જ્યારે આ પરીક્ષણ સામાજિક સેવાના ભાગરૂપે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંસ્થા દ્વારા ટોકન ચાર્જ રૂ.૧૫૦/- થી કરવામાં આવે છે જેમાં CBC/HPLC ટેસ્ટનો પણ સમાવેશ થાય છે.

ઉક્ત બાબતે આપની કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાવવા માટે આ સાથે બીડેલ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના પત્ર મુજબ થેલેસેમિયા પ્રિવેન્શન પ્રોગ્રામ અંતર્ગત થેલેસેમિયા સ્ક્રીનીંગ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા થાય તે માટે આપની સંસ્થા/કોલેજમાં થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનાં આપણા ભારત દેશને સિકલસેલ, એનિમિયા મુક્ત બનાવવા માટેના અભિયાનને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવે છે.

કા.કુલસચિવ

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY JUNAGADH

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૩૨૧/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૩/૦૭/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

THROUGH HUMANITY TO PEACE

# Indian Red Cross Society

(Constituted Under Act XV of 1920)

Gujarat State Branch

An ISO 9001 Certified Organization

President : Acharyashri Devvrat, Hon. Governorshri, Gujarat
Vice-President : Shri Rushikesh Patel, Hon'ble Minister, Health, Family Welfare and M.E., Higher and Technical Education, Gujarat
Chairman : Shri Ajay H. Patel
Vice Chairman : Dr. Ajay Kanaiyalal Desai
Hon. Treasurer : Shri Sanjay Kanchanlal Shah
General Secretary: Dr. Prakash Parmar

ટી.પી.પી./૨૦૨૫-૨૬/0515 તા. ૨૧/૦૫/૨૦૨૫

પ્રતિ શ્રી,

વાઈસ ચાન્સેલર શ્રી/ રજીસ્ટર શ્રી/ મેડીકલ ઓફીસર શ્રી,

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી

જુનાગઢ

**વિષય :- થેલેસેમિયા સ્કીનીંગ કેમ્પનું આયોજન કરાવવા બાબત**

માનનીય સાહેબ શ્રી,

ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા એ માનવતાવાદી કામગીરીમાં ગુજરાતમાં અગ્રસ્થાન ધરાવે છે. આવી જ એક માનવતાવાદી કામગીરી એટલે ગુજરાત રાજ્ય ને થેલેસેમિયા મુક્ત બનાવવાના ધ્યેયને અનુલક્ષીને વર્ષ ૨૦૦૪ થી થેલેસેમિયા અને સિકલસેલ પ્રીવેન્શન કંટ્રોલ અને રિસર્ચ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટી હસ્તક કોલેજમાં અભ્યાસ કરતા ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરી જરૂરી માર્ગદર્શન ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આપેલ છે.

આપ એ હકીકતથી સુવિદિત છો કે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજ્યની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સિકલ સેલ, એનિમિયા અને હિમોગ્લોબીનોપેથી પરીક્ષણ દ્વારા દર વર્ષે નિયમિત રીતે કરવામાં આવે છે. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વિદ્યાર્થીઓને પ્રિ-કાઉન્સેલિંગ દ્વારા થેલેસેમિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવે છે, તેમજ તેઓને પરીક્ષણ બાદ પોસ્ટ કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે. **આ પરીક્ષણના સામાજિક સેવાના ભાગરૂપે સંસ્થા દ્વારા ટોકન ચાર્જ રૂપિયા ૧૫૦/- થી કરવામાં આવે છે જેમાં CBC /HPLC ટેસ્ટ કરવામાં આવે છે ખાનગી લેબમાં આ થેલેસેમિયા પરીક્ષણ HPLC ટેસ્ટનો ચાર્જ ૬૦૦ થી ૭૦૦ રૂપિયા થી વધુ થાય છે.**

<u>આપના હસ્તકની કોલેજો દ્વારા પણ વિધ્યાર્થીઓ થેલેસેમીયા ટેસ્ટ કરાવે તે માટે જરૂરી સૂચનાઓ અત્રેની સંસ્થાની જાણ હેઠળ બહાર પાડવા વિનંતી છે</u> જેથી ગુજરાતને થેલેસેમીયા મુકત બનાવવા સંસ્થાની જે નેમ છે તેમાં આપ પણ સહભાગીદાર બનશો. આ કામગીરીને વધુ સફળ બનાવવા માટે આપનો સહકાર અનિવાર્ય છે જે સંસ્થાને હંમેશા મળતો આવ્યો છે અને ભવિષ્યમાં પણ આવો જ સહકાર મળતો રહેશે એવી અપેક્ષા છે.

**<u>આપણાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબનું સપનું છે દેશને સિકલસેલ, એનિમિયા મુક્ત બનાવવું. આપને પણ સિકલસેલ, એનિમિયા અભિયાનમાં જોડાવા આગ્રહભરી વિનંતી છે.</u>**

આભાર સહ,

ડૉ. પ્રકાશ પરમાર
જનરલ સેક્રેટરી

GENERAL REGISTER
Inward No. 1906
Date 17/6/25

Academic Department
Inward No. 478
Date 17/6/2025

Red Cross Bhavan, Nr. Khadi Board, Ashram Road, Old Wadaj Circle, Ahmedabad-13
Ph. : + 91-79-27557055, 27557056, E-mail : ircsguj@hotmail.com Website : www.redcrossgujarat.org

# થેલેસીમિયા નાબૂદી અભિયાન

થેલેસીમિયા શું છે : થેલેસીમિયાએ રંગસુત્રની ખામીથી થતો આનુવાંશિક રોગ છે. લોહીમાં રક્તકણ તૂટેલા હોય તો એ થેલેસીમિયા મેજરનાં લક્ષણ છે. અને પ્રમાણમાં નાના હોય તો એ થેલેસીમિયા માઇનર છે. થેલેસીમિયા જન્મથી જ હોય છે. અને જીવનપર્યંત રહે છે. થેલેસીમિયા માઇનર એ રોગ નથી. પરંતુ થેલેસીમિયા મેજર એ જીવલેણ રોગ છે. પતિ-પત્ની બંને થેલેસીમિયા માઈનર હોય તો તેમનું સંતાન થેલેસીમિયા મેજર થવાની શક્યતા છે. દવા કે ઓપરેશનથી થેલેસીમિયા મેજરનાં દર્દીઓને બચાવી શકાતાં નથી. થેલેસીમિયા માઈનર વિશે ઘણાં લોકો જાણતા નથી. થેલેસીમિયા શું છે, એ વિશે જાણકારી આપતો પ્રચાર, રક્ત પરીક્ષણ માટે યુવા વર્ગમાં જાગૃતિ, દરેક તબક્કે માર્ગદર્શન મેળવવાની તત્પરતા જ થેલેસીમિયાનો અંત આણી શકશે. જ્યાં સુધી લોહીની ચકાસણી ન કરાવો ત્યાં સુધી એ વિશે જાણી શકાતું નથી. થેલેસીમિયાની નાબૂદી માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાંચ તરફથી ગુજરાતની દરેક કોલેજના વિદ્યાર્થીઓનો થેલેસીમિયા ટેસ્ટ ટોકન ચાર્જ લઈને કરવામાં આવે છે.

## સગાઈ પહેલાં જરૂરી દરેક તપાસમાં થેલેસીમિયાની તપાસ વધુ જરૂરી

### થેલેસીમિયા માઈનર


માતા-પિતાના અજ્ઞાનના કારણે થેલેસીમિયા માઈનર તેમનાં બાળકોને જન્મથી જ વારસામાં મળે છે અને આજીવન રહે છે. પણ એ કોઈ રોગ નથી, પરંતુ એ વિશે જાણવું જરૂરી છે, કેમકે પતિ-પત્ની બન્ને થેલેસીમિયા માઈનર હોય તો તેમને ત્યાં થેલેસીમિયા મેજર બાળક જન્મવાની પુરી શક્યતા રહેલી છે.

તમે થેલેસીમિયા માઈનર હોય તો એ કોઈ રોગ નથી એટલે કે દવા લેવાની જરૂર નથી. તેમજ થેલેસીમિયા માઈનર હોવાથી તમે શારીરિક કે માનસિક રીતે નબળાં હો એવું પણ નથી. થેલેસીમિયા માઈનર હોય તેને ક્યારેક લોહતત્વવાળી દવાની જરૂર પડે છે ત્યારે ડોક્ટરની સલાહ લઈને લોહ તત્વની દવા લેવી જોઈએ.

## થેલેસીમિયા માઈનર એ કોઈ રોગ નથી, પરંતુ થેલેસીમિયા મેજર એક જીવલેણ રોગ છે.

### થેલેસીમિયા મેજર

થેલેસીમિયા માઈનર અને થેલેસીમિયા મેજર બન્ને આનુવંશિક ખામીથી થાય છે. જયારે માતા-પિતા બન્નેમાંથી કોઈપણ એક થેલેસીમિયા માઈનર હોય ત્યારે ૫૦% બાળકો સામાન્ય અને ૫૦% બાળકો થેલેસીમિયા માઈનર જન્મવાની શક્યતા છે. જ્યારે માતાપિતા બન્ને થેલેસીમિયા માઈનર હોય ત્યારે દરેક પ્રેગનન્સી (ગર્ભાવસ્થા) વખતે ૨૫% થેલેસીમિયા મેજર, ૫૦% બાળકો થેલેસીમિયા માઈનર અને ૨૫% સામાન્ય જન્મવાની શક્યતા છે. થેલેસીમિયા માઈનર યુગલે એ જાણવું જરૂરી છે કે તેમને ગમે તેટલાં બાળકો હોય તો પણ દરેક પ્રસુતિ વખતે તેમનું બાળક થેલેસીમિયા મેજર હોવાની શક્યતા રહેલી છે.




## થેલેસીમિયા-પરીક્ષણની અગમચેતી આપને મુશ્કેલીઓના પહાડથી બચાવે છે.

### થેલેસીમિયા મેજર : કરુણતાની અવધિ

થેલેસીમિયા મેજર બાળક જન્મથી જ લોહીની ઊણપને કારણે પૂરતા રકતકણો બનાવી શકતું નથી. જન્મે ત્યારે સામાન્ય જણાતું આ બાળક ૩ થી ૧૮ મહિના વચ્ચે એનિમિક થઈ જાય છે, તે ફિક્કું લાગે છે, બરાબર સૂઈ શકતું નથી, તેને ખાવું ગમતું નથી અને ઘણાં લોકો તો ખાધેલું ઓકી કાઢે છે. થેલેસીમિયા મેજર બાળક લોહી વિના બચતું નથી. રેડ ક્રોસની બ્લડ બેન્કમાંથી થેલેસીમિયા મેજર બાળકોને લોહી ચઢાવવામાં આવે છે. લોહી આપવાથી આડઅસર થાય છે. લોહતત્વનું પ્રમાણ શરીરમાં વધી જાય છે. લોહીમાંથી લોહતત્વ જુદું પાડી શકાતું નથી. આથી જનનેન્દ્રિયને નુકસાન થાય છે ને લીવર પહોળું થાય છે.

થેલેસીમિયા મેજર બાળકને DESFERAL ઈન્જેક્શન આપવાં પડે છે. એક ઇન્જેક્શન આપતા આઠ કલાક લાગે છે. સપ્તાહમાં આવાં ૫ ઇન્જેકશન પગમાં કે પેટમાં આપવાં પડે છે. રાત્રે સુતી વખતે ઇન્જેક્શન આપવામાં આવે છે. મહિને ૨૦, વર્ષે ૨૪૦ અને ૨૦ વર્ષમાં આશરે ૫,૦૦૦ ઇન્જેક્શન આપવામાં લાખો રૂપિયાનો ખર્ચ થાયછે. અંદાજે લાખોના ખર્ચ પછી કટુંબ પાયમાલ થઈ જાય છે. છત્તાં બાળક બચતું નથી. મોટાભાગના થેલેસીમિયા મેજર બાળકો યોગ્ય સારવારના અભાવે જીવનના પહેલા-બીજા દશકામાં મૃત્યુ પામે છે.

## થેલેસીમિયા - પરીક્ષણ કરાવવું વધુ જરૂરી છે.

લગ્ન કરનાર યુગલ સગાઈ પહેલાં જ થેલેસીમિયા પરીક્ષણ કરાવી લે એ માટે દરેક યુવક-યુવતીઓને માર્ગદર્શન મળવું જોઈએ. ભવિષ્યમાં મા-બાપ બનવાના હોય એવાં યુગલોને પણ માર્ગદર્શન મળી રહે એવી વ્યવસ્થા ફરજિયાત બનાવવી જોઈએ. થેલેસીમિયા મેજર બાળક જેમને ત્યાં જન્મે એ વ્યક્તિ તેમજ કુટુંબ સામાજિક અને આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. થેલેસીમિયા મેજરની સારવાર અત્યંત ખર્ચાળ છે. આર્થિક રીતે સાધારણ અને નબળા વર્ગના લોકોની પહોંચ બહાર છે. થેલેસીમિયા મેજર અટકાવવાની દિશામાં સૌથી વધુ મહત્વનું પગલું છે થેલેસીમિયા રકત પરીક્ષણ, જે તમને મુસીબતોના પહાડથી બચાવી શકે છે.

## પહેલાં થેલેસીમિયા-પરિક્ષણ : પછી જ સગાઈ

## થેલેસીમિયા મેજર બાળકની આપવીતી

મારું જીવન મૃત્યુનો સંદેશ છે. મારી દશા બરબાદીનો ચિતાર છે. મને દર ૨૫ દીવસે લોહી ચડાવવું પડે છે. મારી ૧૦ વર્ષની આયુ દરમ્યાન મને ૨૩૧ લોહીનાં યુનિટ આપવામાં આવેલ છે. મને નિયમિત આઠ કલાક ચાલે તેવું ઈન્જેક્શન પેટમાં રાત્રે સૂતી વખતે આપે છે જે સવારે કાઢે છે. મારા બચવાની કે સાજા થવાની કોઈ શક્યતા નથી. હું ક્યારે મૃત્યુ પામીશ એની મને પણ ખબર નથી.

મને માત્ર થોડાં વર્ષ જિવાડવા નાણાંની કોથળી ખુલ્લી રાખવી પડે છે. મારે લીધે મારું કુટુંબ સામાજિક અને આર્થિક રીતે પાયમાલ થઈ ગયું છે. તમે જાણો છો કે તમારા કુટુંબમાં પણ મારા જેવું બાળક જન્મી શકે છે? મારા જેવી ભયંકર યાતના અન્ય કોઈ બાળકને ન ભોગવવી પડે અને મારા કુટુંબ જેવી બરબાદી કોઈ કુટુંબની ન થાય એનો શું ઉપાય છે ?

## થેલેસીમિયા માઈનર એ કોઈ રોગ નથી, પરંતુ થેલેસીમિયા મેજર એક જીવલેણ રોગ છે.

## પતિ-પત્નિ બન્ને થેલેસીમિયા માઈનર હોય તો

સગાઈ કે લગ્ન પહેલાં થેલેસીમિયા-પરીક્ષણ ન કરાવ્યું હોય તેમજ પતિ-પત્ની બન્ને થેલેસીમિયા માઈનર હોય અને પત્નીને ગર્ભ રહે, તો એ સંજોગોમાં થેલેસીમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા શું થઈ શકે? જ્યારે પત્નીને ગર્ભ રહે ત્યારે ગર્ભસ્થ બાળક થેલેસીમિયા મેજર છે કે નહિ એ જાણવા પ્રિનેટલ ટેસ્ટ(પરીક્ષણ) કરાવવો જોઈએ. પરીક્ષણ બાદ ગર્ભસ્થ બાળક જો થેલેસીમિયા મેજર હોય તો ગર્ભપાત કરાવી થેલેસીમિયા મેજર બાળકને જન્મતું અટકાવી શકાય છે. આ પરીક્ષણ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખામાં રાહત દરે કરી આપવામાં આવે છે.

## ગર્ભસ્થ બાળક થેલેસીમિયા મેજર છે કે નહિ તે જાણવા બે પ્રકારના ટેસ્ટ થાય છે.

ગર્ભ રહ્યાનાં પ્રથમ ૧૨ થી ૧૪ સપ્તાહ દરમ્યાન કોરીઓનિક વિલી સેમ્પલિંગ (Chorionic Villus Sampling) ટેસ્ટ કરવામાં આવે છે. ગર્ભ રહ્યાના પ્રથમ ૧૬ થી ૧૮ સપ્તાહ દરમ્યાન એમ્નિયોટિક ફ્લુઈડ (Amniotic Fluid) ટેસ્ટ કરવામાં આવે છે. જો ટેસ્ટ પોઝિટિવ આવે તો ગર્ભપાત દ્વારા થેલેસીમિયા મેજર બાળકનો જન્મ અટકાવી શકાય છે.

ભારતભરમાં સૌપ્રથમવાર ગુજરાત રાજ્યના ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા જ કૉલેજોમાં થેલેસીમિયા પરીક્ષણની જવાબદારી લીધી છે,જે ઘણી ખર્ચાળ છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની જિલ્લા શાખાઓમાં થેલેસીમિયા મેજર બાળકોને લોહી પુરૂં પાડવામાં આવે છે. તદ્ઉપરાંત ગુજરાતમાં કોમ્યુનિટી કેમ્પ દ્વારા યુવક-યુવતીઓમાં અને સમાજમાં જન જાગૃતિ લાવીને રેડ ક્રોસ દ્વારા થેલેસીમિયા પરીક્ષણ કરવામાં આવે છે.

ગર્ભવતી મહિલા થેલેસીમિયા મેજર બાળકને જન્મ ન આપે એ માટે અન્ય ટેસ્ટ સાથે થેલેસીમીયા ટેસ્ટ કરાવવાનું માર્ગદર્શન આપવામાં આવે છે.

## થેલેસીમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા સગાઈ પહેલાં થેલેસીમિયા-પરીક્ષણ કરાવો


ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી
ગુજરાત રાજ્ય શાખા

રેડ ક્રોસ ભવન, જુના વાડજ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન નં. ૨૭૫૫ ૭૦૫૫/૫૬ મો. ૯૪૨૮૨ १४२૯૩, ૯૬૨૪૧ ૩૮૯૫૫
સીકલ સેલ અને થેલેસેમિયા પરીક્ષણનો
સમય સવારે ૦૯.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી


M-0388